ગાંધીનગર સમાચાર

**જન્મદિને વધામણી**



બિમલભાઈ હરીશભાઈ રાવલ
મો. ૯૪૨૮૫ ૯૫૬૦૦



પંક્તિ જનકકુમાર બ્રહ્મભટ્ટ

# રાજ્યમાં ખેલ મહાકુંભની મોસમ સોળ કળાએ







ગુજરાતના મહા રમત-ગમત તહેવાર અને રમત-ગમતના ચાહકો માટેના મનપસંદ 'ખેલ મહાકુંભ'ની મોસમ ગાંધીનગર સહિત સમગ્ર રાજ્યમાં પૂરબહારમાં જામી છે. ભવ્ય પાંચ વર્ષ પૂરા કર્યા પછી, આ છઠ્ઠા વર્ષમાં સુંદર પ્રવેશ સાથે ખેલ મહાકુંભે ભારતને અનેક રમતવીર સ્ટાર આપ્યા છે, જેમણે ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે. ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ શહેરોમાં સંખ્યાબંધ રમતો હોસ્ટ કરી રહ્યું છે. અમદાવાદમાં ચેસ, શૂટિંગ બોલ, સ્કેટિંગ, સુરતમાં ટેકવોન્ડો, કબડ્ડી, વેઈટ લીફટીંગ, વડોદરામાં જીમ્નાસ્ટીક, રાઈફલ શૂટિંગ, હોકી, બાસ્કેટ બોલ, હાફ મેરેથોન અને રાજકોટમાં સ્વીમીંગ, ડાઈવીંગ, વોટર પોલો જેવી રમતો યોજાઈ રહી છે. ગત તા. ૧૮ જાન્યુઆરીના રોજ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના વરદ હસ્તે ભરૂચ ખાતે ખેલ મહાકુંભનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ખેલ મહાકુંભનો ઉદેશ રાજ્યભરમાં ખેલકૂદનું વાતાવરણ ઊભું થાય, ગુજરાત દ્વારા ભારતને પ્રતિભાશાળી ખેલાડીઓ આપી શકાય તેમજ ખેલકૂદના માધ્યમથી સ્વાસ્થ્ય અંગેની જાગૃતિ ફેલાય તે છે.

તાલુકા કક્ષાએ વિજેતા ખેલાડીઓને રૂ. ૫૦૦ થી લઈને રૂ. ૭૫૦, જિલ્લાકક્ષાએ વિજેતા ખેલાડીઓને રૂ. ૭૫૦ થી લઈને રૂ. ૫૦૦૦ સુધીના રોકડ પુરસ્કાર આપવામાં આવે છે, તેમજ રાજ્ય કક્ષાએ રૂ. ૧૦૦૦ થી લઈને રૂ. ૧૦,૦૦૦ સુધીના રોકડ પુરસ્કાર મળીને કુલ ૪૨ કરોડના રોકડ પુરસ્કાર આપવામાં આવે છે. રાજ્યની શ્રેષ્ઠ શાળા અને કોલેજને અપાતા પુરસ્કારમાં પ્રથમ રૂ. ૫ લાખ, દ્વિતીય રૂ. ૩ લાખ અને તૃતીય ક્રમને રૂ. ૨ લાખ પુરસ્કાર આપવામાં આવે છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ઘાયલ વન્સ અગેઈન
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
સનમ તેરી કસમ
૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
ઍરલિફ્ટ
૧.૦૦

**સ્ક્રીન-૪**
સનમ તેરી કસમ
૧૦.૦૦
મસ્તીઝાદે (એ)
૧.૧૫, ૪.૩૦, ૧૦.૦૦
સાલા ખડૂસ
૭.૩૦

**સ્ક્રીન-૫**
ઍરલિફ્ટ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
ઍરલિફ્ટ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૧૦.૦૦
સનમ તેરી કસમ
૧૨.૪૫

# કલરવના બાળમિત્રોએ માણ્યો ઈડરીયા ગઢનો પ્રવાસ





ગાંધીનગર, તા. ૯

કલરવ સંસ્થાના ૧૩૧ બાળમિત્ર-સભ્યોએ ગત રવિવારે ઈડરિયા ગઢનો સુંદર પ્રવાસ માણ્યો હતો. આ પ્રવાસની વિગતો આપતાં સંસ્થાના પ્રમુખ કમલ જૈને જણાવ્યું છે કે સૌ પ્રથમ હિંમતનગરથી આગળ વક્તાપુર ખાતે પવિત્ર જૈન મંદિર ખાતે સવારના સ્વાદિષ્ઠ આપેલ ગરમાગરમ નાસ્તો માણ્યો હતો. સાબરકાંઠા જિલ્લાના પ્રસિદ્ધ ઈડરીયા ગઢની તળેટીમાં પહોંચીને ટ્રેકિંગ શરૂ કર્યુ હતું. આ ઈડરીયાગઢ ખાતેના ધાર્મિક અને ઐતિહાસીક પ્રચલિત ઝરણેશ્વર મહાદેવ મંદિર, રાજમહેલ (દોલત ભવન), મહાકાલી માતાનું મંદિર, રૂઠી રાણીનું માળીયું, નવગજાપીરની દરગાહ, પંચમુખી મહાદેવનું પ્રાચીન મંદિર, પાતાળ કુંડ, પ્રાચીન દિગંબર જૈન દેરાસર, જીનાલય, ધર્મશાળા તથા ભોજનાલયની સુવિધા સભર શ્વેતામ્બર જૈન દેરાસર, હિંગળાજ માતાનું પ્રાચિન મંદિર, વ્રજેશ્વરી માતાનું મંદિર, ઉત્તરમુખી હનુમાનનું મંદિર, જ્વાલા માતાનું મંદિર, લખુમા તળાવ/આશ્રમ, રણમલ ચોકી અને ભુરા બાવાની ગુફા નિહાળી હતી. પહાળના કપરા ચઢાણના આરે કલરવના બાળમિત્રોએ લીંબુ શરબત માણીને થાક હળવો કર્યો હતો. ત્યારબાદ, આઈએસઓ-૯૦૦૧ પ્રમાણિત એવા દરામલી ગામની મુલાકાત લીધી હતી. વિવિધ સાધનોથી સંપન્ન ગામની શાળામાં વિદ્યાર્થીઓ રવિવારની રજા હોવા છતાં કલરવના બાળકો સાથે ગોષ્ઠી કરવા ઉપસ્થિત રહીને કરાટે, નૃત્ય, સંગીત અને દેશભક્તિની ગીત પ્રદર્શિત કર્યું હતું. ઘોડેસવારી સહિતથી એકાધિક કળાઓથી હોંશીયાર થઈ રહેલા આ ગામના બાળકોને હોમવર્ક પણ ઈ-મેઈલથી આપવામાં આવે છે અને તેઓ લેશન પણ ઈ-મેઈલથી ટીચરને મોકલે છે !! વળી, રાજ્યમાં પદાધિકારીઓ સાથે તેમજ અન્ય રાજ્યની શાળાઓ સાથે વિડીયો કોન્ફર્ન્સ કરે છે. સ્વયંરીતે સ્માર્ટ ફોનથી વિડિયો તૈયાર કરીને પોતપોતાના ઈ-મેઈલ આઈડી મારફતે 'યુ' ટ્યૂબ પર અપલોડ કરવામાં માહિર બનીને શહેરના બાળકોથી આગળ વધી રહ્યા છે, તેમાં બેમત નથી, તેવું સૌએ અનુભવ્યું હતું.

ઈડરના જવાનપુરા વિસ્તારમાં યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રાંગણમાં ક્રાફટ ટીચર એસ. એમ. પટેલે હાથના આંગળાના ટેરવા તેમજ પીછીથી રંગબેરંગી ચિત્રો તેમજ કાર્ડ બનાવતા શીખવ્યું હતું. કેટલાંક બાળમિત્રોએ હોસ્ટેલના વિદ્યાર્થીઓ સાથે ફૂટબોલની મજા માણી હતી. પ્લાસ્ટિકની ડીશ અને બોટલનો ઉપયોગ કરીને પંખીને ચણ આપવા માટે સરળ સાધન તૈયાર કરવાનું શીખવવામાં આવ્યું હતું.

તમામ બાળમિત્રોને યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ તરફથી સ્વામી વિવેકાનંદના જીવન આધારિત પુસ્તિકા, કલાત્મક કાર્ડ ઉપરાંત પ્લાસ્ટિકની ડીશ પંખીચણ તૈયાર કરવા માટે ભેટ આપવામાં આવી હતી.

કલરવના પ્રમુખ કમલ જૈનના નેજા હેઠળ સક્રિય કાર્યકર્તાઓ પૈકી ડૉ. પિયુષ દવે, આશા સરવૈયા, સપના જૈન, ઊમા ભટ્ટ, મનિષા જૈન, જયશ્રી ખેતિયા, ભાવેશ એરડા, અનિલ જૈન, ડૉ. પ્રજ્ઞા દવે, કલ્પના ઠાકર, કાલિંદી પટેલ તેમજ નરેશ ઠાકરના સથવારે કલરવના બાળમિત્રોએ આ પ્રવાસનો આનંદ માણ્યો હતો.





**વિવિધ ડેની ઉજવણી - આજકાલ વિવિધ કોલેજો ખાતે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ડેની ઉજવણી ઉત્સાહપૂર્વક વાતાવરણમાં કરવામાં આવી હતી. પર્યાવરણ ડે, વૃક્ષારોપણ (લીલો ડ્રેસ), વિશ્વશાંતિ ડે, વક્તૃત્વ સ્પર્ધા (સફેદ ડ્રેસ), સાડી ડે, ટ્રેડીશનલ ડ્રેસ ડે,, સ્કૂલ ડે, લાયબ્રેરી ડે, સિગ્નેચર ડે, સ્વચ્છતા ડેની ઉજવણી વિવિધ કોલેજ પરિસરમાં કરવામાં આવી રહી છે... આ ઉપરાંત સંસ્કૃતિ-ડેની પણ ઉજવણી કરાઈ હતી.**

# જિલ્લા ખેલ મહાકુંભ કબડ્ડીમાં ચૌધરી કન્યા વિદ્યાલય પ્રથમ

ગાંધીનગર, તા. ૯

મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સૅક્ટર-૧૬ ખાતે જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભ અંતર્ગત કબડ્ડીની સ્પર્ધા યોજવામાં આવી હતી, જેના અન્ડર-૧૬ વિભાગમાં શ્રી જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ), સૅક્ટર-૭ની ટીમે ઉત્કૃષ્ટ દેખાવ કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

રીતુ બી ચૌધરી, ઉપાસના આર ચૌધરી, સુરેખા જોરાભાઈ ચૌધરી, દક્ષા ઈશ્વરભાઈ ચૌધરી, મમતા ચુનાભાઈ ચૌધરી, ધરતી ચૌધરી, રિંકલ ચૌધરી, મિત્તલ માનસંગભાઈ ચૌધરી, મિત્તલ નાનજીભાઈ ચૌધરી અને દૃષ્ટિ ચૌધરી આ વિજેતા ટીમનાં સભ્યો હતાં. આ વિજેતા વિદ્યાર્થીનીઓને આચાર્ય સંતોકબેન કે ચૌધરી તથા સમગ્ર શાળા પરિવારે હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# વિદ્યાર્થીઓ તાણ ન અનુભવે એ માટે સૌએ સહિયારા પ્રયત્નો કરવાના છે

**વાચકોની કોલમ**

આ યુગની કોઈ મોટી સમસ્યા હોય તો તે છે માનસિક તાણ. માનસિક તાણને કારણે અનેક લાગણીશીલ અને પ્રતિભાવંદ વિદ્યાર્થીઓ આત્મહત્યાની વાટ પકડીને કમોતે મોતને ભેટે છે. માનસિક તાણ એટલે જીવનમાં વારંવાર ક્રોધ, ભય, ચિંતા, બેચેની, શંકા, ડર, ઈર્ષા, ભાગેડુ વૃત્તિ, ઉદ્વેગ, ગભરામણ, વ્યગ્રતા, વ્યાકુળતા, ચંચળતા જેવા નકારાત્મક ભાવો પેદા થવા. આવા નકારાત્મક ભ ાવો મન-મગજમાં વારંવાર ઉદ્‌ભવવાથી વિદ્યાર્થીઓ તાણ અનુભવે છે અને આ તાણ વિદ્યાર્થીઓને આત્મહત્યા તરફ દોરી જાય છે.

વિદ્યાર્થીઓ તાણ ન અનુભવે એ માટે આપણે સૌએ સહિયારા પ્રયત્નો કરવા જોઈએ. વિદ્યાર્થઈઓમાં આત્મહત્યાની દુર્ઘટનાઓ ન ઘટે એ માત્ર સરકારનું જ કર્તવ્ય નથી, આપણા સૌની જવાબદારી છે. ગુજરાત સરકાર ૧૧ ફેબ્રુઆરીથી વિદ્યાર્થીઓ આત્મહત્યા ન કરે તે માટે એક વિશેષ અભિયાનનો પ્રારંભ કરી રહી છે, તે ખૂબ આનંદની ઘટના છે. આ અભિયાનમાં આપણે સૌએ પ્રતિબદ્ધતાપૂર્વક ભાગ લેવો જોઈએ.

કેટલીક વાર વિદ્યાર્થીઓ પરીક્ષાનું પેપર અઘરું જશે અથવા માતા-પિતાનાં સ્વપ્નને પોતે સાકાર નહીં કરી શકે એવા કાલ્પનિક ભયને કારણે મન-મગજમાં તાણ વધવાને લીધે આત્મહત્યા કરી લેતા હોય છે. ઘણી વખત યુવાનો અને મોટેરાઓ પણ બેકારી, ગરીબી, બિમારી, ભય, રોગ, વ્યસન, ગૃહકંકાસ, એકલતાને કારણે આત્મહત્યા કરી લેતા હોય છે. પણ આત્મહત્યા એ કોઈ સમસ્યાનો ઉપાય નથી.

આત્મહત્યા કરનારા સ્નેહીજનો પર સમસ્યાનો પહાડ ખડો થઈ જાય છે. આત્મહત્યા એ જીવનમાં હતાશા, નિરાશાની પરાકાષ્ઠાનું ભયંકર પરિણામ છે. વિદ્યાર્થીઓનાં મનમાં જ્યારે વારંવાર ક્રોધ, ભય, ચિંતા, શંકા, ડર, ઈર્ષા, ભાગેડુવૃત્તિ, ઉદ્વેગ, ગભરામણ, વ્યગ્રતા, વ્યાકુળતા, ચંચળતા, નિષ્ફળતાનો અનુભવ થાય છે ત્યારે એમનાં મનમાં તાણ ઉત્પન્ન થાય છે અને વિદ્યાર્થીઓ ન કરવાનું કરી બેસે છે. માટે વિદ્યાર્થીઓમાં આત્મહત્યા નિવારવાનો એકમાત્ર ઉપાય તેઓનાં મન-મગજમાં સકારાત્મક ભાવો ઉત્પન્ન કરવા તે છે.

વિદ્યાર્થીઓનાં મન-મગજમાં સ્વમાન, સ્વાભિમાન, શીલ, ચારિત્ર્ય, સંતોષ, શાંતિ, સત્ય, શિસ્ત, સંયમ, સાહસ, સદાચાર, મૈત્રી, કરુણા, દાન, પ્રેમ, પ્રજ્ઞા, પરોપકાર, પ્રામાણિકતા, સેવા, સ્વતંત્રતા, સમાનતા, બંધતા, ન્યાય, પડકાર સંઘર્ષ જેવા સકારાત્મક ભાવો પેદા કરવા આપણે સૌએ વિદ્યાર્થીઓને વ્યવહારુ શાણપણ પૂરું પાડવું જોઈએ. વિદ્યાર્થીઓને અહેસાસ કરાવવો જોઈએ અથવા સમજણ ઊભી કરવી જોઈએ કે જો નવલિકા, નવલકથા અને ફિલ્મોમાં હિરોને પડકાર-સંઘર્ષનો સામનો કરવો પડતો હોય તો જીવનમાં પડકાર અને સંઘર્ષ રહેવાના જ. બીજું કે ફિલ્મની જેમ જીવન ત્રણ કલાકમાં પૂરું થઈ જવાનું નથી. માટે વિદ્યાર્થઈઓને વિજેતા બનાવવા પડકાર માટે તૈયાર કરવા જોઈએ. પડકાર-સંઘર્ષ સામે ઝઝૂમવાનું જોશ, જોમ, પ્રેરણા, પ્રોત્સાહન, માર્ગદર્શન, હૂંફ - શિક્ષકો, આચાર્યો અને માતા-પિતા વધુ સારી રીતે આપી શકે. વિદ્યાર્થીઓને ભગવાન મહાવીર, ગૌતમ બુદ્ધ, સ્વામી વિવેકાનંદ, ગાંધીજી, સરદાર પટેલ, ડૉ. બાબાસાહેબ આંબેડકરના આજીવન પડકારો, સંઘર્ષો અને સેવાઓની યાદ અપાવવી જોઈએ. વિદ્યાર્થીઓને તેમનાં જીવનમાં અંગત લક્ષ્યની સાથે માનવ કલ્યાણનાં લક્ષ્યાંકોને આંબવા પ્રેરવા જોઈએ.

વિદ્યાર્થીઓનાં મન-મગજને ધારણા, કલ્પના, માન્યતા, સંકલ્પ, અભિગમ, વાણી, ટાઈમ મૅનેજમૅન્ટ, સ્કિલ મૅનેજમૅન્ટ, માસ્ટર માઈન્ડ થિયરી જેવા મનોવૈજ્ઞાનિક તથ્યોથી અવગત કરાવવા જોઈએ. વિદ્યાર્થીઓને યાદ અપાવવું જોઈએ કે આજે તમે લાઈટ, કમ્પ્યુટર, લૅપટૉપ, મોબાઈલ, બાઈક, કારનો ઉપયોગ કરો છો તે એક વખતે નહોતા. તે કોઈની ધારણા, કલ્પના, માન્યતા, સંકલ્પ, અભિગમ, વાણી, ટાઈમ મૅનેજમૅન્ટ, સ્કિલ મૅનેજમૅન્ટ, માસ્ટર માઈન્ડ થિયરી અને કાર્યની કમાલ છે.

વિદ્યાર્થીઓનાં મન-મગજમાં સતત સકારાત્મક ભાવો પેદા કરવા તેઓને ઊંડા શ્વાચ્છોશ્વાસ, પ્રાર્થના, ઑટો સજેશન, મનોદર્શન, ધ્યાન કરવા પ્રેરવા જોઈએ. ક્રોધ, ભય, ચિંતા, બેચેની, શંકા, ડર, ઈર્ષા, ભાગેડુવૃત્તિ, ઉદ્વેગ, ગભરામણ, વ્યગ્રતા, વ્યાકુળતા, ચંચળતા જેવા નકારાત્મક ભાવોને દૂર કરવા માટે આ શ્રેષ્ઠ માધ્યમો છે. વિદ્યાર્થીઓને એ વાત ગળે ઉતારવી જોઈએ કે શ્વાસ એ જ જીવન છે, પ્રથમ શ્વાસ એટલે જન્મ અને અંતિમ શ્વાસ એટલે મૃત્યુ.

જો આપણે સૌ સાથે મળી આવા સહિયારા પ્રયાસો કરીશું તો અવશ્ય વિદ્યાર્થીઓમાં આત્મહત્યાની દુર્ઘટનાઓ નાબૂદ થશે.

**- ડો. ભાણજી એચ સોમૈયા**



# શિક્ષણ બૉર્ડ દ્વારા પરીક્ષાનો તણાવ દૂર કરવા બાયસેગના માધ્યમથી માર્ગદર્શન કાર્યક્રમ

શિક્ષણ બોર્ડ દ્વારા ૮ માર્ચથી ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સની પરીક્ષાઓ શરૂ થશે. પરીક્ષા પહેલાં વિદ્યાર્થીઓ માનસિક તાણ અનુભવતા હોઈ તેમનો તણાવ દૂર કરવા માટે બોર્ડ દ્વારા બાયસેગના માધ્યમથી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનો નિર્ણય લેવાયો છે. જેમાં ૧૧, ૧૮ અને ૨૫ ફેબ્રુઆરીના રોજ તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવશે. બાયસેગના માધ્યમથી તજજ્ઞો દ્વારા સવારે ૧૧થી ૧૨ વાગ્યા દરમિયાન વિદ્યાર્થીઓને પરીક્ષા તેમજ જીવન-સમજણના વિવિધ પાસાઓ ઉપર સંબોધન કરાશે. સ્કૂલો આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને બતાવવા માટે યોગ્ય તૈયારીઓ કરે એ માટે સૂચનો કરાયાં છે અને ડીઈઓને પણ વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમ નિહાળી શકે તે માટે ઘટતું કરવા સૂચના આપવામાં આવી છે.

# રિપબ્લિક ડે પરેડમાં ભાગ લઈ અંજલિએ કૉલેજ, શહેરનું નામ ઉજાળ્યું



ગાંધીનગર, તા. ૯

શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટની વિદ્યાર્થીની અંજલિ પટેલે રિપબ્લિક ડે પરેડમાં સમગ્ર ભારતની ઍનઍસઍસ ટીમમાં સામેલ થઈ કૉલેજ, યુનિવર્સિટી અને શહેરનું નામ ઉજાળ્યું છે. સતત એક માસ સુધી નવી દિલ્હી ખાતે ઉપસ્થિત રહી સૌ રાજ્યોના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ અંજલિએ ભાગ લીધો હતો અને સાચા અર્થમાં નૅશનલ ઈન્ટીગ્રેશનની પ્રવૃત્તિ કરી હતી. પરેડ પછી તીન મૂર્તિ ભવન ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારી અને રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી સાથે મુલાકાતનો પણ અંજલિને મોકો મળ્યો હતો. આ સિદ્ધિ બદલ તેને તાલીમ આપનાર ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર રણછોડ રથવી અને પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ અભિનંદન પાઠવ્યા હતા.

# જિલ્લા ખેલ મહાકુંભ ટે ક્વોન ડો સ્પર્ધમાં મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા પ્રથમ ક્રમે



ગાંધીનગર, તા. ૯

ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની ટે-ક્વોન-ડો સ્પર્ધા જિલ્લા પ્રશિક્ષણ કેન્દ્ર, સૅક્ટર-૨૧ ખાતે યોજાઈ હતી, જેમાં મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શાળાના વિદ્યાર્થી જય સંજયભાઈ કોળીએ આ સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી. જિલ્લા કક્ષાની આ સ્પર્ધામાં રાજ જગદીશભાઈ પટેલે બીજો, દર્શન રાજેશભાઈ ઠુમ્મરે બીજો તથા વ્રજ ભુલેશ્વરભાઈ પ્રજાપતિએ ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સૌ વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી ભરતભાઈ ઠુમ્મર, આચાર્ય ભરતસિંહ રાઠોડ તથા શાળા પરિવારે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.